# સાંપડ મહાકાલી મંદિરે પૂનમે માનવ મેદનીએ દર્શન કર્યા



તલોદ તા. ૬

સાબરકાંઠા જીલ્લા ના પવિત્ર પ્રાચીન ધાર્મિક સ્થળ એવા સાંપડ મહાકાલી મંદિરે મહા માસ ની પૂનમે દસ હજાર કરતાં વધુ માનવ મેદની એ ભક્તિભાવથી મહાકાલી ના દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ને આસ્થાનું પરિચય કરાવ્યો હતો આ પ્રસંગે વિશાળ પટાંગણ માં ભરાયેલા મહામેલા માં સહકુટુંબ સ્વયંભૂ ઉમટી પડી ને ખરીદીનો લાભ લીધો હતો મહાકાલી મંદિર ટ્રસ્ટ ના ભોજનાલય માં વિના મૂલ્યે મળતા મહાપ્રસાદ નો લાભ છ હજાર કરતાં વધુ ભકતો એ લાભ લીધો હતો મંદીર ટ્રસ્ટ ના પ્રમુખ જયંતીભાઈ પટેલ, ઉપપ્રમુખ રણજીત સિંહ દિપસિંહ રાઠોડ તથા મેનેજર રણજીત સિંહ દ્વારા સુચારુ વ્યવસ્થા ગોઠવી ભક્તોને કોઈ પણ જાતની મુશ્કેલી ન પડે તેની તકેદારી રાખી હતી

# સાપડ ખાતે રાવળ યોગી સમાજનો દશમો સમૂહ લગ્નોઉત્સવ યોજાયો



પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા ના સાંપડ યોગી (રાવળ) સમજનો દશમો સમુહ લગ્નોત્સવ યોજાયો જેમા ૩૮ નવયુગલોએ પ્રભુતામા પગલા પાડયા. પ્રાંતિજ ના સાંપડ મહાકાલી માતાના મંદિર પરિસર માં યોગી સમાજ( રાવળ યોગી ) નો દશમો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો જેમા સમાજ ના ૩૮ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા તો મજરા ખાતે રહેતા સમાજ ના દાતા જે.ડી.મકવાણા દ્વારા દરેક નવદંપતીઓને ચાંદીની ગાય કન્યાદાન માં આપી હતી તો સમાજ ના પ્રમુખ ચંદુભાઈ મંત્રી રામજીભાઈ તેમજ સમાજ ના સભ્યો દાતાઓ આગેવાનો સહિત સમાજ ના લોકો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા તો દર વર્ષ ની જેમ આ વર્ષેપણ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# લાલાવાડા નજીક અર્બુદા માતાજીની રજત જયંતિ મહોત્સવમાં મંત્રી બળવંતસિંહ રાજપુત દ્વારા યજ્ઞમાં આહુતિ



પાલનપુર તા.૬

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે આદર્શ વિદ્યા લય ખાતે આવેલા ચૌધરી સમાજના કુળદેવી અર્બુદા માતાજીનો નો મંદિર નો પાટોત્સવ જયંતિ મહોત્સવ પ્રસંગે લાલાવાડા ખાતે ૧૦૮ કુંડી મહાયજ્ઞ નું સતત ત્રણ દિવસ સુધી ભવ્ય આયોજન કરાયું હતું.

આ મહાયજ્ઞ ના દર્શનાર્થે ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત જી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરલાલ ચૌધરી મંત્રી શ્રી બળવંતસિંહ રાજપુત સહિત અનેક મહાનુભાવો મહાયજ્ઞના દર્શન કરવા પધાર્યા હતા અને આહુતિ આપી હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ મહાયજ્ઞ ની તૈયારીઓ છેલ્લા બે વર્ષથી કરવામાં આવી હતી. મહાયજ્ઞમાં ૬૦૦ ભૂદેવો એ ૧૫૦૦ યજમાનોને વૈદિક મંત્રોચ્ચાર સાથે વિશ્વ કલ્યાણ અર્થે યજ્ઞમાં આહુતિ આપવામાં આવી હતી.સમાજના નાના મોટા અમીર ગરીબ વડીલો બાળકો મહિલાઓ યુવતીઓ યુવાનો સહિત સૌ કોઈ માતાજીના મહાયજ્ઞના મહોત્સવમાં તલ્લીન બન્યા હતા.

# પાલનપુર નજીક લાલાવાડામાં માં અર્બુદાનો ૧૦૮ સહસ્ત્ર ચંડી યજ્ઞ સુખરૂપ સંપન્ન

### ચાર દિવસમાં દસ લાખથી વધારે ભાવિક ભક્તોએ દર્શન અને પ્રસાદનો લાભ લીધો

પાલનપુર તા.૬

પાલનપુરના લાલાવાડા ગામે માં અર્બુદા માતાજીના ૧૦૮ સહસ્ત્ર ચંડી યજ્ઞની રવિવારે પૂર્ણાહુતિ થઈ હતી. ચાર દિવસના આ પ્રસંગમાં દિવસમાં ૧૦ લાખથી વધુ દર્શનાર્થીઓ માં અર્બુદાના યજ્ઞના દર્શન કર્યા હતા.

સાતમાળની બનાવેલી યજ્ઞશાળામાં સતત ત્રણ દિવસ સુધી ૫૫૧ બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ૧૫૦૦ યજમાનોએ આ યજ્ઞમાં આહુતિ આપી હતી. ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ સહિતના ચૌધરી સમાજના લોકો સહિત સર્વ સમાજના લોકો આ યજ્ઞના દર્શનાર્થે આવ્યા હતા.



દસ લાખ જેટલા લોકોએ યજ્ઞના દર્શનનો લાભ લીધો હતો. જ્યારે આઠ લાખ જેટલા લોકોએ ભોજન પ્રસાદ લીધો હતો. યજ્ઞમાં દસ લાખથી વધારે ભાવિક ભક્તોએ દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. પાલનપુર તાલુકાના લાલાવાડા ગામે મા અર્બુદા માતાજીના ૧૦૮ સહસ્ત્ર ચંડી યજ્ઞ મહોત્સવની ૪૫ દિવસ અગાઉ તૈયારીઓ શરૂ કરાઈ હતી.

જેમાં ચૌધરી સમાજના જુદા જુદા ગોળના લોકો તેમના પરંપરાગત પહેરવેશ સાથે માતાજીનો રથ લઈને પગપાળા આવ્યા હતા. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,કુળદેવી અર્બુદા માતાના યજ્ઞના ચાર સાત માળની યજ્ઞશાળા ઉપરાંત ૧૦૦ વીઘામાં પાર્કિંગની વ્યવસ્થા કરાઈ હતી. જ્યારે એક સાથે ૨૦,૦૦૦ લોકો ભોજન પ્રસાદ લઈ શકે તેવી વ્યવસ્થા પણ હતી.


લોકોની સલામતીને લઈને ૧૫ હજાર જેટલા સ્વયંસેવકો અને પોલીસે ફરજ બજાવી હતી. આવનાર દર્શનાર્થીઓ માટે ચા પાણી અને પગરખા કેન્દ્રની વ્યવસ્થા સહિત એક નાની હોસ્પિટલ પણ ઉભી કરાઈ હતી. મહાયજ્ઞમાં શિક્ષણ, વ્યસનમુક્તિ અને સામાજિક એકતા પર ભાર મુકાયો હતો. રવિવારે શ્રીફળ હોમવામાં આવ્યું હતું.

### હવે પછી લગ્નના અવસરોમાં પંખા ફરજીયાત

# સાબરકાંઠા, અરવલ્લીમાં ગાત્રો થીજવતી ઠંડીમાં પ્રજાને રાહત : આગામી સપ્તાહે ગરમીનો પારો ૩૨ ડિગ્રીને આંબશે

બાયડ, તા.૬

છેલ્લા લાંબા સમયથી ગાત્રો થીજવતી ઠંડીના કારણે પ્રજા ફફડી ઉઠી હતી પરંતુ હવે ઠંડીમાં આંબશે જેથી પ્રજા ઉનાળાના આગમનનો અનુભવ કરશે. હવે પછી લગ્નના અવસરોમાં પંખા ફરજીયાત કરવા પડે તેવી સ્થિતિ



પ્રજાને છેલ્લા ૨ દિવસથી રાહત થઈ છે. લઘુત્તમ તાપમાનનો પારો ૧૪ ડિગ્રી નોંધાયો છે. જ્યારે આગામી સપ્તાહની મહત્તમ ગરમીનો પારો ૩૨ ડિગ્રીને આવી રહી છે.

મળતી વિગતો અનુસાર જિલ્લામાં મેરેથોન ઠંડીની ઈનિંગના કારણે રવી ખેતી પાકને ભરપૂર ફાયદો થવાની સાથે ખેડૂતોને બમ્પર ઉત્પાદનની આશા ફળીભૂત થાય તેવું જણાય છે. કમોસમી માવઠાના કારણે કેટલાક ખેતી પાકને અંશત નુક્સાન થયું છે પરંતુ ઠંડીના કારણે સૌથી વધુ ફાયદો દેખાયો છે. જિલ્લામાં હવે છેલ્લા ૨ દિવસથી પ્રજાને ઠંડીમાં ઘણી રાહત જોવા મળી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના અરવલ્લીની ગીરીકંદરા આસપાસના વિસ્તારોમાં ઠંડીનું જોર છે પરંતુ શહેરી અને તાલુકા મથકના વિસ્તારોમાં ઠંડીનું જોર એકદમ ઘટી ગયું છે.

#### જિલ્લામાં લઘુત્તમ તાપમાન

| વિસ્તાર | તાપમાન |
|---|---|
| હિંમતનગર | ૧૪ ડિગ્રી |
| ઈડર | ૧૪ ડિગ્રી |
| બાયડ | ૧૪ ડિગ્રી |
| પોશીના | ૧૪ ડિગ્રી |
| પોળો વિજયનગર | ૧૩ ડિગ્રી |

#### આગામી સપ્તાહે તાપમાનનો પારો ઉંચકાશે

| વિસ્તાર | તા.૫ | તા. ૬ | તા.૭ | તા.૮ | તા.૯ |
|---|---|---|---|---|---|
| હિંમતનગર | ૩૦ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ |
| ઈડર | ૨૯ | ૨૯ | ૨૯ | ૨૯ | ૩૧ |
| બાયડ | ૩૧ | ૩૧ | ૩૧ | ૩૨ | ૩૩ |
| પોશીના | ૨૯ | ૨૮ | ૨૮ | ૨૯ | ૩૧ |
| પોળો વિજયનગર | ૨૯ | ૨૮ | ૨૮ | ૨૯ | ૩૦ |

મોટાભાગના પ્રજાજનો હવે ગરમ વસ્ત્રો વગર જોવા મળે છે. ત્યારે હવામાન વિભાગે પણ આગાહી કરી છે કે જિલ્લામાંથી આગામી ૧૦ દિવસમાં ઠંડી વિદાય લેશે અને ઉનાળાનું આગમન થશે. ઉનાળો આકરો રહેવાની સંભાવના છે. આગામી સપ્તાહ એટલે કે તા.૬ થી ૧૧ ફેબ્રુઆરી દરમ્યાન જિલ્લાના અનેક વિસ્તારોમાં બપોરે તાપમાનનો પારો ૩૨ થી ૩૩ ડિગ્રીને આંબી જાય તેવી સંભાવના વ્યક્ત થઈ છે.

### ૩થી ૪ દિપડાની હાજરી હોવાની આશંકા

# અરવલ્લીના ગઢડાના સીમાડામાંથી દિપડો શિકાર માટે બકરુ ઉઠાવી ફરાર : ધોળે દિવસે બકરાને દબોચી લેતાં ફફડાટનો માહોલ

## વન વિભાગે સીમાડામાં પાંજરુ ગોઠવ્યું

બાયડ, તા.૬

અરવલ્લીના ગઢડા ગામે પરંતુ ગઢડા સહિતના ૫ કી.મી.ના ઘેરાવામાં હમણાંથી



દિપડાએ ખેતરમાં બાંધેલા પશુનું મારણ કર્યા બાદ બીજા દિવસે ધોળે દિવસે સીમાડામાં ચારોચરતા માલધારીના બકરાં પૈકી એક બકરાને શિકાર માટે ઉઠાવી દિપડો ડુંગરમાં ફરાર થઈ જતાં ભયનો માહોલ ઉભો થયો છે. દિપડાને પકડવા માટે વન વિભાગે તાબડતોબ ગૌચર વિસ્તારમાં પાંજરુ ગોઠવ્યું છે દિપડાના આંટાફેરા વધી જતાં ખેડૂતો, પ્રજા અને પશુપાલકોની સુરક્ષા જોખમાઈ છે. જે રીતે ગઢડાના સીમાડામાં દિપડાની એક સાથે ૨ થીવધુ જગ્યાઉપર હાજરી જોવા મળી રહી છે તે જોતાં ૩ થી ૪ દિપડાની હાજરી હોવાની આશંકા ઉભી થઈ છે.

અરવલ્લી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં દિપડાની સંખ્યામાં વધારો થયો હોય તેમ અવાર નવાર દિપડા દેખાઈ રહ્યા છે. મોડાસા તાલુકાના સરડોઈ, લાલપુર, છાત્રેશ્વરી, ગોખરવા અને હવે ગઢડા ગામના સીમાડામાં દિપડાએ ધામા નાખ્યા છે. ગત રોજ ખેતરમાં બાંધેલા એક પશુનું દિપડાએ મારણ કર્યાની ઘટના સામે આવી હતી જેથી વન વિભાગની ટીમ દોડતી થઈ હતી. ગઢડામાં પશુના મારણ બાદ વન વિભાગ દ્વારા ફૂટ પ્રિન્ટ મેળવી દિપડાનું પગેરુ મેળવી શોધખોળ કરવામાં આવી હતી પરંતુ જંગલ વિસ્તારમાં દિપડો છૂપાયેલો રહ્યા પછી શુક્રવારની બપોરે ફરીથી સીમાડામાં દિપડો ત્રાટક્યો હતો જેમાં સ્થાનિક માલધારી હિરાભાઈ ભરવાડ તેમનાં ઘેટાં-બકરાં ગૌચરમાં ચરાવી રહ્યા હતા જે દરમ્યાન દિપડાએ શિકાર માટે એક બકરાને ઉઠાવી લેતાં સીમાડામાં સનસનાટી મચી હતી. માલધારી અને સીમાડામાં ઉપસ્થિત ખેડૂતો કંઈપણ સમજે તે અગાઉ બકરાને દબોચી દિપડો ડુંગરમાં ગાયબ થઈ ગયો હતો. રાત્રે પશુનું મારણ અને બીજા દિવસે બકરાને ઉઠાવી જવાની ઘટનાના કારણે સમગ્ર પંથકમાં દિપડાની દહેશત જોવા મળી છે. પશુનું મારણ કર્યા બાદ હરકતમાં આવેલા વન વિભાગ દ્વારા ગૌચરમાં દિપડાને પકડવા માટે પાંજરુ મૂકવામાં આવ્યું હોવા છતાં સ્થાનિકોમાં ભયનો માહોલ યથાવત છે.

**સરડોઈ વિસ્તારના ૫ કી.મી.ના ઘેરાવામાં દિપડાના આંટાફેરા**

મોડાસા તાલુકાના સરડોઈ વિસ્તારના ૫ કી.મી.ના ઘેરાવામાં દિપડાના આંટાફેરા વધી ગયા છે. જેમાં લાલપુર, છાત્રેશ્વરી, વાંટડા, ગોખરવા અને ત્યારબાદ હવે નજીકના ગઢડા ગામે દિપડાએ ત્રાટકી પશુનું મારણ કરતાં સમગ્ર પંથકમાં દહેશત ઉભી થઈ છે. દિપડાને પકડવા માટે વન વિભાગે પહેલાં લાલપુર ગામે મારણ સાથે પાંજરુ ગોઠવ્યું પરંતુ તેમાં સફળતા મળી નથી. જ્યારે હવે દિપડો સતત સ્થળ બદલી રહ્યો છે.

**મહિલા સરપંચના પતિએ દિપડાને પકડવા વિડીયો વાયરલ કર્યો**

મોડાસા તાલુકાના ગઢડા ગામે ત્રાટકેલા દિપડાએ પશુનું મારણ કર્યા પછી ધોળે દિવસે માલધારીનાં ઘેટાં-બકરાંમાંથી શિકાર માટે એક બકરાને ઉઠાવી લેતાં પ્રજા ભયના ઓથાર હેઠળ આવી છે. દિપડો માનવભક્ષી બને તેવી દહેશતને પગલે ગ્રામ પંચાયતના મહિલા સરપંચ ભાવનાબેન પટેલના પતિ મહેન્દ્ર પટેલે વન વિભાગ તેમજ સરકારને સંબોધીને દિપડાના ત્રાસમાંથી મુક્તિ અપાવવા માટેનો વિડીયો વાયરલ કરતાં હલચલ મચી છે.

**દિપડો સતત સ્થળ બદલી રહ્યો છે - વનપાલ**

મોડાસા તાલુકાના સરડોઈ પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં હમણાંથી દિપડાના આંટાફેરા વધી ગયા છે ત્યારે પાંજરુ ગોઠવવા છતાં વન વિભાગને દિપડાને પકડવામાં કોઈ સફળતા મળી નથી. આ વિસ્તારના વનપાલ એ.એમ.મકવાણાએ જણાવ્યું હતું કે દિપડો દેખાયા પછી સતત સ્થળ બદલી રહ્યો છે. ગઢડામાં પશુનું મારણ કર્યા પછી વિભાગે પાંજરુ ગોઠવ્યાનું જણાવ્યું હતું.

# જંત્રી બમણી કરતા બિલ્ડર્સની કેડ તૂટી જશે, સરકાર જંત્રી ડબલ તબક્કા વાર લાગુ કરે તેવી બિલ્ડર્સ એસોસિએશનની માંગ

### હાલ ચાલતા પ્રોજેક્ટની કોસ્ટમાં ધરખમ વધારો અને પ્રજાને ભાવ બોજો પડશે - કમલેશ પટેલ (પ્રમુખ, ક્રેડાઈ અરવલ્લી) : મધ્યમવર્ગીય પરિવારો માટે ઘરનું ઘર લેવું મુશ્કેલ બને તો નવાઈ નહીં?

મોડાસા, તા. ૭

રાજ્ય સરકાર દ્વારા જંત્રીના દરોમાં ૧૦૦ ટકાનો એટલે કે બમણો ભાવવધારો ઝીંકાયો છે.છેલ્લે ૨૦૧૧માં જંત્રીના દર અમલમાં આવ્યા હતા. ત્યારે આશરે ૧૧ વર્ષ બાદ જંત્રીના ભાવમાં વધારો કરાયો છે.સોમવારથી રાજ્યમાં જંત્રીના નવા દરોની અમલવારી શરૂ થતા બિલ્ડર્સ એસોસિએશનમાં ભારે નારાજગી જોવા મળી રહી છે રવિવારે બિલ્ડર્સ એસોસિએશ દ્વારા ઝૂમ એપ્લિકેશન પર ઓનલાઈન મીટિંગ યોજાઈ હતી જેમાં બિલ્ડર્સ એસોસિએશન સરકારે અચાનક જંત્રી બમણી કરવાના નિર્ણય સામે વિરોધ નોંધાવ્યો હતો અને તબક્કાવાર જંત્રી વધારવા માટે મુખ્યમંત્રીને રજુઆત કરવામાં આવશેની માહિતી પ્રાપ્ત થઈ હતી

અરવલ્લી ક્રેડાઈ પ્રમુખ



કમલેશ પટેલ અને અન્ય બિલ્ડર્સ ગુજરાત બિલ્ડર્સ એસોશિએશનની વર્ચ્યુલ મીટિંગમાં જોડાયા હતા અને સરકાર દ્વારા સોમવારથી જંત્રી ડબલ કરવાના નિર્ણયને અયોગ્ય ગણાવી તબક્કાવાર કે પછી ૧ મે ૨૦૨૩ થી સરકાર દ્વારા બમણી જંત્રીની અમલવારી કરવામાં આવેની માંગ કરી હતી. કમલેશ પટેલે 'ગાંધીનગર સમાચાર'ના પ્રતિનિધી સાથે વાત કરતા જણાવ્યું હતું કે અમે એવું નથી કહેતા કે બમણો ભાવ વધારો વ્યાજબી નથી પરંતુ કોરોના બાદ રીયલ એસ્ટેટ માર્કેટ માંડ માંડ ઊભું થઈ રહ્યું છે. જંત્રીના દર વધતા લોકો માટે ઘરનું ઘર ખરીદવું મુશ્કેલ બની જશે કેમ કે સ્ટેમ્પ ડ્યુટી સાથે દસ્તાવેજ ખર્ચ ડબલ થઈ શકે છે. ઘણી ટીપી સ્કીમમાં મકાનની કિંમત બમણી થશે અને વિસંગતતા ઊભી થશે. ગુજરાતનો ગ્રોથ થાય છે તેનું માળખું તૂટી જશે. જંત્રી ડબલ કરી છે તેની સામે વાંધો નથી પણ તેના અમલીકરણ કરવામાં સરકાર થોડી મુદત આપે તેવી અમારી વિનંતી છે. જેથી પ્લાન પાસ કરવા, દસ્તાવેજનાં કામ વગેરે લગતા વ્યવહાર પૂરા થયા હોય તેમાં એન્ડ યુઝર અને ડેવલોપર વચ્ચે માથાકૂટ થવાની શક્યતા છે જંત્રી વધારવી જરૂરી તો હતી જ પરંતુ અમલીકરણ માટે થોડો સમય આપે તેવી વિનંતી છે. પ્રજાને નુકસાન નહીં થાય પરંતુ જે ડીલ ચાલે છે અને વ્યવહાર પૂરા થયા છે કે થવાના છે તેમાં હવે તકલીફ ઊભી થશે કેમ કે પ્રોજેક્ટ કોસ્ટ વધી જશે અને ભાવ વધારવા પડશે તેમજ આ બોજ પ્રજાને પડશે.

## અવસાન નોંધ...



બાયડ : બાયડ તાલુકાના ડેમાઈ ગામના ડૉ.બિપીનભાઈ શાહ(હાલ રહે.બાયડ), રાજેન્દ્રકુમાર શાહના ભાઈ ભરતકુમાર રમણલાલ શાહનું દુઃખદ નિધન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા.૯ ફેબ્રુઆરી, ગુરૂવારે બપોરે ૨-૦૦ થી ૪-૦૦ ડેમાઈ, તા.બાયડ ખાતે રાખેલ છે.

# પ્રાંતિજના મજરામાં જોગણી માતાજીનો નવીન મંદિરનો ચોથો પાટોત્સવ યોજાયો

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજના મજરા ખાતે આવેલ જોગણી માતાજી મંદિર નો ચોથો પાટોત્સવ રંગએ ચંગે ઉજવાયો જેના ભાગરૂપે માતાજીનું નવીન રથ નો શુભારંભ જે ડી મકવાણાએ રથને પ્રસ્થાન કર્યું



હતું તો માતાજીની શોભાયાત્રા બેન્ડબાજાની સુરાવલી સાથે ગરબા ની રમઝટથી યુવાધન હિલોડે ચડ્યું હતું ભુદેવ દ્વારા પૂજા અર્ચન કરાવામાં આવી હતી જેના ભાગ રૂપે બાબુજી ધનાજી તેમજ અનેક માઈભક્તો એ ભારે જહેમત ઉઠાવી હતી.